૮૦૧/૮૩૭

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૬ જૂન, ૨૦૧૦)**

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ-૨ : પ્રશ્નપત્ર - ૧**

**નોંધ :- જમણી બાજુએ આપેલા અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.** (કુલ ગુણ : ૧૦૦)

## વિભાગ - ૧ : 'વચનામૃત'ના આધારે

**પ્રશ્ન.૧ નીચે આપેલાં સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈ પણ ત્રણ ઉપર મુદ્દાસર નોંધ લખો.** [૨૧]

૧. સ્વદૃષ્ટાંત દ્વારા શ્રીહરિએ કહેલો તપનો ઇશક.
૨. ગ. મ. ૧૨ પ્રમાણે સ્વભાવ જીત્યાનો ઉપાય.
૩. આત્મસત્તારૂપે રહે તેના લક્ષણનું.
૪. રાજાનો દીકરો મરી ગયાના દૃષ્ટાંતે શ્રીજીમહારાજનું મન.
૫. જેને ભગવાનને વિષે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહિ. જેમ ભગવાનનું ગમતું હોય તેમ જ રહે એ પ્રીતિનું લક્ષણ છે.

**પ્રશ્ન.૨ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** [૧૫]

૧. માટે ભગવાન તો ....... ને તે સ્વતંત્ર થાય છે. (વચ. ક્રમાંક .....................)
૨. અને આવી વાત સાંભળીને ....... કોઈ મોટું સાધન નથી. (વચ. ક્રમાંક .....................)
૩. જેને નિષ્કામી વર્તમાન ....... હાથની કરી સેવા ગમે છે. (વચ. ક્રમાંક .....................)
૪. જે ત્યાગી હોય ....... ત્યાગીમાં મોટેરો કહેવાય. (વચ. ક્રમાંક .....................)
૫. જેને પૂર્વજન્મમાં ....... પણ ડગમગાટ થાય નહિ. (વચ. ક્રમાંક .....................)

**પ્રશ્ન.૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** [૪]

૧. ઇન્દ્રિયો ૨. ભક્તિ

## વિભાગ - ૨ : 'સ્વામીની વાતો'ના આધારે

**પ્રશ્ન.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. જેનાં દર્શન કરીને છાતી ઠરે એમાં કેવો ગુણ હોય ?
૨. સૂક્ષ્મ દેહ ક્યારે જીતાય ?
૩. ગોવિંદ સ્વામી શેમાં બંધાણા ?
૪. તીરના ભાથાનું દૃષ્ટાંત આપી રાજાએ ઉમરાવોને શું કહ્યું ?
૫. ભૂંડામાં ભૂંડું શું છે ?

**પ્રશ્ન.૫ કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધીને ખાલી જગ્યા પૂરો.** [૫]

૧. .................. વરસનો આંબો હોય તેને કેરીયું થાય છે. (પાંચ, દસ, આઠ)
૨. આ સત્સંગીનાં છોકરાં સામું જોઈએ છીએ ત્યાં તો ................ ગણું અધિક દૈવત જણાય છે. (કોટિ કોટિ, કરોડ કરોડ, અનંત)
૩. ................. જે દેહ તેણે કરીને તો જેમ સત્પુરુષ કહે તેમ કરવું. (મન, કર્મ, વચન)
૪. તેમ જ ................. ગુણ છે તે પણ ત્રણ પ્રકારના કુસંગે કરીને નાશ થઈ જાય છે. (સૂક્ષ્મ, સારા, રૂડા)
૫. મહારાજે મુને કહ્યું જે સાધુ તો પાંચ રાખીએ જેથી ................... નું કલ્યાણ થાય. (જીવ, દેહ, આત્મા)

**પ્રશ્ન.૬ અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'ના આધારે નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર વિસ્તૃત નોંધ લખો.** [૧૦]

૧. કામાદિક દોષો અને વાસના કુંઠિત કરવાનો ઉપાય.
૨. શ્રીજીમહારાજનું સર્વોપરીપણું.
૩. સ્વરૂપનિષ્ઠા.

## વિભાગ - ૩ : 'ભગવાન સ્વામિનારાયણ ભાગ-૧ તથા ૨' નવી આવૃત્તિના આધારે

**પ્રશ્ન.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો.** [૨૦]

૧. નીલકંઠવર્ણીની નિષ્કામ ધર્મ પર રુચિ. ૨. ભક્તિમાતાના લાડકવાયા ઘનશ્યામ.
૩. વનવિચરણમાં નીલકંઠવર્ણીએ કરાવેલ સાચા સાધુની ઓળખ.

**પ્રશ્ન.૮ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર મુદ્દાસર નોંધ લખો.** [૨૦]

૧. જેતપુરમાં શ્રીહરિનો પટ્ટાભિષેક. ૩. કાશી વિદ્વત્ત સભામાં ઘનશ્યામ.
૨. સોરઠમાં ઐશ્વર્ય દર્શન. ૪. કચ્છનો સત્સંગ.

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૪ જુલાઈ, ૨૦૧૦ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **"સત્સંગ પ્રાજ્ઞ-૨-૧"** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ : તારીખ [ ][ ] મહિનો [ ][ ] વર્ષ [ ][ ][ ][ ]

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**